સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સેના, પ્રાદેશિકો, માઓવાદી શીંગડાં ભરાવે છે,
ઉડે આબરૂના ધજાગરા, ભીંગડાં ઉતારે છે,
જોખે છે રીંગણાં, મૌન રહી, સત્તાની માર્કેટમાં -
નેતાઓ વિવાદમાં જાતને ઠીંગણાં ઠરાવે છે..

હાઈકુ

પકડો નહીં!
નગરના સાપો ને-
ધો છૂટો દોર..
(વન વિભાગનું ફાયર)

કર્યો પ્રકોપ,
- પડશે 'હાથ' ભારી,
- રાહુલ ભૈયા
(જવાબદારીની ટોપી)

ચિંતન

સંભાવિતસ્ય ચ અકીર્તિઃ મરણાત્ અતિ રિચ્યત ।

'આદરને પાત્ર, ડાહ્યા-બુદ્ધિમાન લોકો અપકીર્તિમાં જીવન વેઠવાને બદલે મૃત્યુને વધારે પસંદ કરે છે.'

બીબી જાગીર પુત્ર હત્યાના ગુનામાં (પંજાબની પ્રધાન) જેલમાં ગઇ તો પણ રથયાત્રા કાઢીને અને જેલમાં પણ વીવીઆઇપી સવલતો ભોગવે છે એને અને સરકારને છે કંઇ શરમ?

કલમાડી કંપની, એ.રાજા, કનિમોઝી, અને એકના બમણાં-તમણાં કરનારા તથા આતંકીઓ જેલમાં હોવા છતાં ય બદનામીથી ડરતા નથી. કવિતાઓ લખી આરામથી મોજ માણે છે. 'જેને શરમને મૂકી લાજ એને જેલમાં પણ નાનું સરખું રાજ.'

જે નિ:વસ્ત્ર સ્નાન કરે એને પછી નયોવા જેવું જ શું થાય. નાક જ ન હોય પછી સુદૃષ્ટિના ચશ્માં ક્યાં મૂકવાં એ પ્રશ્ન જ રહેતો નથી.

જે બદનામી-અપકીર્તિને પણ એક માનદ્ ઓળખ સમજતા હોય એને સંસાર-વ્યવહારમાં પછી 'શરમ' જેવું કંઇ જ રહેતું.

સમજુ, ડાહ્યા, બુદ્ધિમાન અને લાગણીશીલ માણસો જે માન-સન્માન સમજે છે એ જરા જેટલી પણ બદનામી સહન કરી શકતા નથી અને 'મૃત્યુ' ને પસંદ કરી દેહત્યાગ કરે છે.

સુવિચાર

- જેનો આરંભ ગુસ્સાથી થાય એના અંત શરમજનક જ હોય છે - બેન્જામિન ફ્રેંકલીન
- ખૂબ બધાથી પરિચિત, ઘણા લોકોને ઓળખનાર પોતાના ઘરના, નજીકનાં લોકોને જ ઓળખતો હોતો નથી - એસ. ભટાચાર્ય
- જે દેશમાં માન-સન્માન ન સચવાય, આજીવિકા ન મળે, સંબંધી-સગાં ન હોય, વિદ્યા-અભ્યાસ ન હોય એવાં દેશમાં રહેવું નહીં - ચાણક્ય
- સાવધાની પૂર્વક વિચાર કરો, નિશ્ચયપૂર્વક કાર્ય કરો, માનપૂર્વક શરણે જાવ, અને દૃઢતાપૂર્વક વિરોધ કરો - કોલ્ટન
- હાસ્ય દ્વારા ઘરમાં સુખશાંતિ, ધંધામાં પ્રતિષ્ઠા, અને સંસારમાંથી સ્નેહ પ્રાપ્ત થાય છે- ડેલ કાર્નેગી
- બહુ સરળ થવામાં ય સારા નથી - કીટિલ્ય
- ક્ષમા દ્વારા જ દુષ્ટ લોકોને જીતી શકાય છે - ભર્તૃહરિ

બોધકથા

આજકાલ બાળકો 'ગૂમ' થવાના કિસ્સા વધારે સાંભળવા મળે છે. બાળકોનાં અંગનો વેપાર, મજૂરી-ભીખ માગવાના ધંધા માટે 'ગેંગ' કામ કરતી હશે. પણ કેટલાક કિસ્સામાં 'મા-બાપ' પણ જવાબદાર હોઇ શકે અત્યારે પરીક્ષા-પરિણામો અને પ્રવેશની ચિંતામાં વાલીઓની પોતાના વત્સલ પાસે અપેક્ષાઓ ખૂબ વધી જાય છે અને બાળક પોતાની ક્ષમતા સમજતો હોય છે આથી પરીક્ષા અને પરિણામ પહેલાં જ 'પલાયન' થઇ જવામાં સારા સમજે છે. બાળકને સમજાવીને સમસ્યા ઉકેલવી જોઇએ, ડરાવી-ધમકાવીને નહીં..

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ સરળ સ્વભાવના સાદગીથી સંયુક્ત પરિવારમાં રહેતા હતા. એમને ગમતું એક પુસ્તક મોંઘી કિંમતે ખરીદ કર્યું હતું, જે ટેબલ પર જ હતું. એટલામાં વરસાદ આવ્યો અને પરિવારના બાળકોને 'કાગળની નાવ' બનાવી પાણીમાં વહેવડાવાની રમત સૂઝી. રાજેન્દ્રબાબુનું પુસ્તક હાજર હતું. એક-બે છોકરાં એ વિરોધ કર્યો પણ બીજા શરારતી બાળકોએ એ પુસ્તકમાંથી પાનાં ફાડી હોડીઓ બનાવી.

રાજેન્દ્ર બાબુ પરિસ્થિતિ પામી ગયા. એણે જાહેરાત કરી, જેણે જેટલી હોડી બનાવી હશે તેને તેટલાં પાંચ પૈસા મળશે. બાળકોએ પૈસા લેવા સત્ય સ્વીકાર્યું. બાબુજીએ એમને એટલા પૈસા તો આપ્યા જ તેમની ગંભીર ભૂલ વિશે પણ સમજ આપી દીધી..

એક વિદ્યાર્થી માત્ર એક જ કુટુંબનું અંગ નથી, પણ તે સમાજમાં જવાબદાર નાગરિક બનવા પ્રયાસ કરતો હોય છે, તેથી તેના માર્ગદર્શન અને સર્વાંગી પ્રશિક્ષણ માટે સમાજના દરેક વિભાગના કર્મશીલે પોતાની ભૂમિકા ભજવવી જોઇએ

હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

વિદ્યાર્થીઓ માટે કાઉન્સિલીંગ ખૂબ જ મહત્ત્વની બાબત છે. આ માટે બધા જ વાલીઓ સમંત થાય એ સ્વાભાવિક છે. ગયા દશ વર્ષના સમયમાં કોઇ વ્યવસાયની પસંદગી માટે કોઇ મુશ્કેલી ન હતી. મોટે ભાગે યુવાનો તેમનો પારપરાગત વ્યવસાય જ કરતા હતા. દાતા સુથારનો છોકરો સુથાર બને. ડોકટરનો છોકરો ડોકટર બને વગેરે. પરંતુ જમાનાની માંગ પ્રમાણે કરિયરની પસંદગી બાબતે પણ ઘણું બધું પરિવર્તન આવી ગયું છે. આજના યુગના વિદ્યાર્થીઓને કરિયરની વિવિધ તકોની જાણકારી છે. તેમજ તેને હાંસલ કરવા માટે તેઓ પ્રયત્ન પણ કરે છે. વર્તમાન પરિસ્થિતિને જોતા વિદ્યાર્થીઓને કરિયર વિશે યોગ્ય માર્ગદર્શનની જરૂર ચોક્કસ રહે છે. આ માટેની જવાબદારી પ્રોફેશનલ કાઉન્સિલરની નિભાવવા હોય છે. જે વિદ્યાર્થીઓને રસ રૂચિ, શોખ અને તેમની આર્થિક સ્થિતિ જોઇને સલાહ સૂચનો આપે છે. પરંતુ આપણે બધી જ જવાબદારી એના માથે થોપી શકતા નથી. આ કાર્ય માટે વાલીઓ, શિક્ષકો અને સમાજનાં આગેવાનોની મદદ પણ આટલી જ મહત્ત્વની હોય છે.

એક વિદ્યાર્થી માત્ર એક જ કુટુંબનો અંગ નથી, પણ તે સમાજમાં જવાબદાર નાગરિક બનવા પ્રયાસ કરતો હોય છે. તેથી તેના માર્ગદર્શન અને સર્વાંગી પ્રશિક્ષણ માટે સમાજનાં દરેક વિભાગનાં કર્મશીલોએ તેમની ભૂમિકા ભજવવી જોઇએ. કેરિયર કાઉન્સિલરની જેમ બાળકનાં માર્ગદર્શનમાં વાલીઓનો પણ આટલો જ ભાગ છે. મોટાં ભાગે વાલીઓ બાળકનાં જન્મ થતાં જ તેના કેરિયર વિશે વિચારવા લાગે છે. તેમને એક જ ચિંતા હોય છે કે તેમનું બાળક કંઇક એવું કરી બતાવે જે તેઓ કદી શક્યા નથી. સંબંધીઓનાં બાળકને જોઇ તેમના બાળકોને પણ તેવાં જ કોર્સ કરાવે. જો તેઓ તેમના બાળકોનું મેડિકલમાં પ્રવેશ અપાવવા હોય તો આપણે પણ તે જ પ્રયત્નો કરીએ છીએ. આવા સંજોગોમાં વિદ્યાર્થીની પોતાની ઇચ્છા અને રૂચિને માન આપવામાં આવતું નથી. જ્યારે કે વિદ્યાર્થીના રસના વિષયની જાણકારી લેવી માતા-પિતા માટે ખૂબ જ જરૂરી હોય છે.

આપણા દેશની શાળાઓમાં અત્યાર સુધી કેરિયર કાઉન્સિલીંગ કે વોકેશનલ ટ્રેનિંગની વ્યવસ્થા કરવામાં આવી નથી. આવી પરિસ્થિતિમાં વાલીઓની જવાબદારી વધી જાય છે. વિદેશોમાં ધોરણ-૧ થી ૪ ના બાળકોને કેરિયર વિશે જાગૃત કરવા વિભિન્ન રમતો રમાડવામાં આવે છે. જેથી બાળકની રસ રૂચિ અને શોખની ખબર પડે છે. આપણા દેશમાં વાલીઓએ સૌ પ્રથમ તેમના બાળકની રૂચિ અને રસ જાણવા પ્રયત્ન કરે તેની ઘણી રીતો છે. તેના વડે બાળકનો આઇ.ક્યૂ. જાણવો જોઇએ. જો વાલીઓ પોતે બાળકની ટેવો અને ચાહતો પર નજર રાખે તો બાળકમાં છુપાયેલી પ્રતિભાઓને જાણી શકે છે.

બાળકની રૂચિ જાણ્યા પછી બીજું મહત્ત્વનું સોપાન એ છે કે તેમને એવું વાતાવરણ આપવામાં આવે. જ્યાં તેનો શારીરિક, બૌધ્ધિક અને માનસિક વિકાસ થાય બાળકોનો રસ હોય તેવા પુસ્તકો આપવામાં આવે કે તેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

ત્રીજા ક્રમે વાલીઓની જવાબદારી છે કે બાળકને રૂચિ હોય તે વિષયનાં નિષ્ણાંતોની મુલાકાત કરાવે જેમ કે કોઇ ને ડોકટર બનવું જોઇ તો એવા ડોકટરની મુલાકાત કરાવવામાં આવે જે સફળ પ્રેકિટસ કરી રહ્યા હોય. કોઇને વૈજ્ઞાનિક બનવાની ઇચ્છા હોય તો રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ કે રિસર્ચ સ્કોલરની મુલાકાત કરાવવામાં આવે. આ જ રીતે વાલીઓ તેમના બાળકોને જે વ્યવસાયમાં મોકલવા માંગતા હોય જે તે વિષયનાં સફળ લોકોથી મુલાકાત કરાવવી જોઇએ. આમ કરવાથી બાળકને ખબર પડશે કે જે તે વ્યવસાયથી સંકળાયેલા લોકોમાં શું યોગ્યતા અને પ્રતિભા હોય છે, તેમને કેવા વાતાવરણમાં કાર્ય કરવું પડે છે.

વાલીઓને જોઇએ કે પોતાના બાળકની બીજાના બાળક સાથે સરખામણી ક્યારેય ન કરે. આમ કરવાથી બાળકોમાં લઘુતાગ્રંથી પેદા થાય છે. તેઓ કોઇ પણ પ્રકારની સરખામણીને સહન કરી શકતા નથી. બીજાની જેમ બનવા કરતા બાળકની વ્યક્તિગત પ્રતિભાઓનો વિકાસ કરવું જોઇએ જેથી તે એક જુદો જ વ્યક્તિત્વનો માલિક બને. બીજાની નકલ બાળકની વ્યક્તિગત પ્રતિભાને નુકશાન પહોંચાડે છે.

હવે શિક્ષકના યોગદાન વિશે જોઇએ. શિક્ષકો બાળકનાં માર્ગદર્શનમાં વાલીઓથી વધુ સુંદભ ભાગ ભજવી શકે છે. કેમ કે આ બાબતે ઘણા વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકને તેમના માતા-પિતા કરતા વધુ મહત્ત્વ આપે છે. પરંતુ આવું ત્યારે જ બને છે જ્યારે માતા-પિતા બાળકને પુરતા સમય ન આપી શકતા હોય અથવા તેઓ અભણ હોય અને બોર્ડિંગ સ્કૂલ અને હોસ્ટેલમાં ભણતા વિદ્યાર્થીઓ માટે માત્ર શિક્ષકો જ હોય છે. શિક્ષકોને તેમની યોગ્ય મદદ કરવી જોઇએ. આમ તો કાયદાકીય રીતે દરેક શાળામાં એક શિક્ષક કેરિયર કાઉન્સિલીંગનો નિષ્ણાંત હોવો જોઇએ. તેને સપ્તાહમાં બે પિરીયડ આ જ કાર્ય માટે ફાળવવામાં આવે છે. પરંતુ આપણી શાળામાં અત્યાર સુધી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. તેથી જાણકાર અને જવાબદાર શિક્ષકોને તેની ચિંતા કરવી જોઇએ. તેઓ નીચે બતાવેલી કેટલીક વાતો અપનાવી વિદ્યાર્થીઓનુ માર્ગદર્શન કરી શકે છે.

કોઇ પણ વિષયને ભણાવાતી વખતે વર્તમાન દુનિયામાં તેનો ઉપયોગ ક્યા વિભાગોમાં થઇ રહ્યો છે તેની જાણકારી શિક્ષકને હોવી જોઇએ. કોઇ ઐતિહાસિક ઘટનાને સમજાવતી વખતે તેનો સંબંધ વર્તમાન માહોલની જોડી શકાય.

શાળાકીય શિક્ષણનો સંબંધ વ્યવહારિક જીવનથી જોડવું પણ ભણાવવાનું એક ઉદ્દેશ્ય છે. એક નિષ્ણાંત શિક્ષક આ તકને સદ્ઉપયોગ કરી વિદ્યાર્થીના પ્રશિક્ષણનું કાર્ય પણ કરતો રહે છે. સમયાંતરે શિક્ષક કેરિયરથી સંબંધિત સમાચાર પત્રોની કટિંગ વિદ્યાર્થીઓને બતાવી માર્ગદર્શનનું કાર્ય કરી શકે છે. તેમજ તે બાબતે વિદ્યાર્થીઓ જોડે ચર્ચા પણ કરી શકે છે.

એક સારો શિક્ષક પૂર્વ વિદ્યાર્થીઓ જોડે સતત સંપર્કમાં રહે છે કે જેથી તેમના કેરિયર ગ્રાફ પર નજર રાખે અને વર્તમાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી શકે. શિક્ષકને કેરિયર સંબંધિત પુસ્તકો, સમાચાર પત્રો અને સામયિકોનો અધ્યયન કરી અપડેટ રહેવું જોઇએ કે જેથી વિદ્યાર્થીઓને થતાં પ્રશ્નોનો સમયસર જવાબ આપી શકાય.

કેટલાંક માનસિક રીતે કમજોર હોય છે. તેમની સમજણ શક્તિ ઓછી હોય છે. શબ્દો સમજવામાં તકલીફ અનુભવે છે. એવા વિદ્યાર્થીઓને ત્વરિત માનસિક ડોકટર કે મનોવૈજ્ઞાનિક પાસે મોકલી શકાય. જેથી જો તેમને કોઇ આનુવાંશિક બિમારી હોય તો તે જાણી શકાય. કોઇ વિદ્યાર્થીનો વ્યવહાર વર્ગમાં અચાનક બદલી જતો હોય અથવા કોઇ હોંશિયાર વિદ્યાર્થી નાપાસ થવા લાગે તો તેવા વિદ્યાર્થીઓને પણ માનસિક ડોકટર પાસે લઇ જઇ શકાય છે. આ કાર્ય પણ શિક્ષક સારી રીતે કરી શકે છે.

વિદ્યાર્થીઓ અને નવયુવાનોને માર્ગદર્શન ખૂબ જ મહત્ત્વપૂર્વ તેમજ મુશ્કેલ કાર્ય છે. પરંતુ વાલીઓ શિક્ષકો અને નિષ્ણાંત માનસિક ડોકટરો મળીને પ્રયત્નો કરે તો આ કાર્ય આસાનીથી પર પાડી શકાય છે અને બાળકોને સારા કેરિયર તરફ રાહ ચીંધી શકાય છે...

હાસ્ય, કટાક્ષ અને હળવા લેખોની ભેળપુરીનો આસ્વાદ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતી હાસ્ય સાહિત્યમાં જે પોતાનો સિક્કો જમાવતા જાય છે તેમાં ગાંધીનગરના બે હાસ્ય સાહિત્યકારો ભર્ગદેવ ભટ્ટ અને ચિત્રસેન શાહે પોતાનું સ્થાન ખૂબ સરસ રીતે નિશ્ચિત કરી લીધું છે. આજના દોડધામના જમાનામાં માનવ જીવનમાં હાસ્ય જ વ્યકિતને પ્રફુલ્લિત અને આનંદિત રાખી શકે છે. અને માનવીને તેના રોજબરોજના કામમાં હળવો બનાવે છે. આથી જ તો 'હસે તેનું ઘર વસે' એમ કહેવાય છે.

આપણા ગુજરાતના એક સ્ટેજ આર્ટીસ્ટ શાહબુદ્દીન રાઠોડ સર્જેલું વનેચંદ નું પાત્ર ખૂબ જ ખ્યાતિ પામેલું છે. તેનો પૂરેપૂરો લાભ ઉઠાવીને વનેચંદ ઉંમર લાયક થાય તો તેના પુત્રનો પરણવાનો વારો આવે આથી 'વનેચંદના પુત્રનો વરઘોડા' કાઢી ચિત્રસેન ભાઈ શાહે હાસ્ય સાહિત્ય ક્ષેત્રે કાલ્પનિક પાત્રોની વંશાવલી આગળ વધારી હળવી શૈલીમાં ૩૦ જેટલા માતબર સંખ્યામાં હાસ્ય લેખોનું પુસ્તક આપ્યું છે. તેના સંદર્ભે વરિષ્ટ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ કહે છે કે 'આમેય સાઠ પછી જ જીવનના અસલી રોમાંસનો અનુભવ થતો હોય છે. ચીલાચાલુ અંગ્રેજી કહેવત બદલી નાંખવાની તાતી જરૂર છે. લાઈફ બિગિન્સ એટ 'ફોર્ટી',નહી. 'સિકસ્ટી', કારણ કે હવે પહેલાંની જેમ સાઠ વર્ષે વૃધ્ધ થઈ જવાનું નથી. શાહબુદ્દીન રાઠોડે વનેચંદનો વરઘોડો કાઢ્યો હતો એટલે ફરજના ભાગ રૂપે અનુગામી પેઢીના આ હાસ્યકાર 'વનેચંદના પુત્રનો વરઘોડો' કાઢે છે એમાં એમનો કંઈ વાંક ખરો ?વળી, કેશુભાઈ હળવાશના મૂડમાં એક બીજી વાત પણ કરે છે તેઓ કહે છે કે- હાસ્ય એ સંજીવની બૂટ્ટી છે. હનુમાનજીને એ મેળવવા લંકાથી દ્રોણાચલની લાંબી ખેપ કરવી પડેલી પણ અહીં ગાંધીનગરમાં કોઈ લક્ષ્મણને મૂર્છા આવી જાય તો રીક્ષા કરીને ગણતરીની મિનિટોમાં ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર નજીક રહેતા ચિત્રસેન શાહને ઉંચકી લઈ જઈ શકાય! તો આ અંગે જાણીતા હાસ્યલેખક રતીલાલ બોરીસાગર કહે છે કે 'ગુજરાતી હાસ્ય લેખનના ક્ષેત્રે ચિત્રસેન શાહ, હવે અક જાણીતું નામ છે. તેમની હાસ્ય રચનાઓમાં જીવનનું વૈચિત્ર્ય કલાત્મક રીતે પ્રગટ થતું હોય છે. આસપાસ ભજવતા જીવનનું આકલન કરી એમાં રહેલા વૈચિત્ર્યને પારખવાની દૃષ્ટી આ લેખક પાસે છે. જેનો વિનિયોગ કરી હાસ્ય રચનાઓ

તેઓ સહજ રીતે સર્જે છે વળી, હાસ્ય નિષ્પન્ન કરવાની યુક્તિ-પ્રયુક્તિઓનો સહજ ઉપયોગ કરવાની કળા એમને સિધ્ધ છે.'

'વરઘોડો- વનેચંદના પુત્રનો' પુસ્તકનું શિર્ષક તેમાં લેવાયેલી પ્રથમ લેખ પરથી આપવામાં આવ્યું છે.તો બીજા લેખો વાંચતા હાસ્યની છોળો ઉડે તેવા લેખો વાચકને જરૂર હાસ્ય તરબોળ કરી દે તેમ છે. તેમ તેના શિર્ષકો વાંચતાં લાગ્યા વિના રહેતું નથી. જેમકે 'જા થાય તે કરી લે', 'ડાયલ - કુંભકર્ણ', 'ગાંધી માર્ગે ગોડસેગીરી', 'મંદિર દ્વારે -લખપતિ ભિક્ષુક', 'માંદગી-રાજાપાઠમાં', 'કમાલ કે.લાલનાી', 'માથાભારે મીનાબેન', 'ગેગટોકમાં ગરમી', 'હાસ્યના પ્રયોગો', 'રાષ્ટ્રપતિ રાષ્ટ્રપિતાના શહેરમાં', 'મોજીલો પ્રવાસી', 'તો કરો કંકુના', 'આ નાટક ફેન્ટાસ્ટીક છે', 'પત્નિ જીતો હરીફાઈ' (**Win A Wife**), 'રેશનકાર્ડ પર ધ્યાજ', 'લખે ગુજરાત', 'અમને મળીને આનંદ થયો?', 'રીશેપ્સન છુટાછેડાનો જાપાનમાં', 'ગુજ્જુબેન ગોવા ગજવ્યું', 'પેપર વેઈટની પડતર કિંમત - રૂપિયા બે કરોડ પ્લસ', 'રામદેવના અન્નશન પુરાં થયા- રામદેવ માટેના અન્નશન શરૂ થયા', 'છેલ્લા દિવસો', 'પોલીસ પર લાઠીચાર્જ', 'કોકપીટમાં કુરૂક્ષેત્ર', 'માગો તે મળશે', 'ફુટપાથ પર ગાય', 'પ્રેમી પંખીડા', 'અજબ પ્રવાસની ગજબ કહાની', વિગેરે.

જો કે આ બધા લેખો ગાંધીનગર સમાચારના વાંચકો માટે જાણીતા છે. પણ કામની વ્યસતતામાં કદાચ વાંચવાનું ચુકાઈ ગયું હોય તો એક સાથે હાસ્યનો આ રસથાળ માણવા જેવો ખરો.

આપણા હાસ્ય સાહિત્ય વિશે એવું કહેવાય છે કે હાસ્યક્ષેત્રે આજે નાના મોટા અનેરૂં જ્યોતિ ઝબકે છે પરંતુ,

જયોતીન્દ્ર તો એક જ છે. 'તેનું કારણ આપતાં આપણાં ખુબ જાણીતા હાસ્યકાર વિનોદ ભટ્ટ નોંધે છે કે 'એક રીતે જોઈએ તો હાસ્યના પર્યાય એવા જયોતીન્દ્રના સદ્ભાગ્યની કોઈને પણ ઈર્ષા આવે. કારણ કે જયોતીન્દ્ર તેમની હયાતીમાં જ પ્રજાના પ્રિય રહ્યા. એટલું જ નહીં વિદ્વાનોમાં માનપાન પામ્યા ને વિવેચકો એ પણ હાસ્ય લેખક તરીકે તેમને ગંભીરતાથી સ્વીકાર્યા. નવાજ્યા, એક અદ્વિતીય હાસ્યકાર તરીકેની પ્રસિધ્ધિ તેમજ પ્રતિષ્ઠા તેમને એક સાથે પ્રાપ્ત થઈ.'

પરંતુ આજના સંદર્ભે જોઈએ તો ચિત્રસેન શાહમાં પણ એવી જ શક્તિઓનાં આપણને દર્શન થાય છે, કારણ કે તેમનું વિવિધ ક્ષેત્રનું વાંચન, મૌલિક વિચારણા અને જીવાતા જીવન ઉપરાંત વિવિધ શાસ્ત્રો, ઈતિહાસ સહિત અનેક સંદર્ભો તેમના લેખોમાં જોવા મળે છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૯મી એપ્રિલ પદ્મભૂષણ પંડિત સાંકૃત્યાયનનો જન્મદિન

રાજનીતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, યાત્રા, ઇતિહાસ પુરાતત્ત્વ સ્ત્રી જીવનચરિત નાટક નવલકથા, વગેરે ક્ષેત્રોના ૨૦૦ જેટલાં ગ્રંથોના સર્જક પંડિત સાંકૃત્યાયનનો જન્મ તા. ૯-૪-૧૮૯૩.

તિબેટ જઇને બૌદ્ધ હસ્તલિખિત ગ્રંથો એકઠા કર્યા. વોલ્ગાથી ગંગા સુધીનો વિશ્વ પ્રવાસ કર્યો. તિબેટી - સિંહાલી ભાષામાં વ્યાકરણો લખ્યા. શ્રીલંકાએ "ત્રિપિદકા આચાર્ય" ની પદવી આપી. ૧૪-૪-૧૯૬૩માં તેમનું અવસાન થયું.

- આજે ૯મી એપ્રિલ - ૧૯૦૧માં શ્રીમદ્ રાજચંદ્રનું અવસાન થયું.
- ગાંધીજીએ ૧૯૧૫માં ભોજનમાં માત્ર પાંચ ચીજો ખાવાનું વ્રત લીધું
- ચંપારણના ખેડૂતોના દુ:ખ રૂબરૂ જોવા ગાંધીજી કલકત્તાથી રવાના થયા.
- વર્ષ ૧૯૧૭ અને ૧૯૨૦ ની ૯મી એપ્રિલે અંગ્રેજ સરકાર સામે અસહકારની લડત શરૂ કરી.

યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી છોકરીઓમાં કેટલીક ખૂબ જ આધુનિક ડ્રેસ પહેરીને આવતી હતી

પારણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૭)

- જયંતીલાલ મકવાણા

ના... દેવા... ના... એવું ના બોલ પહેલા તું આંસુ સારવા બંધ કરી દે તું તો એક મર્દ છે. તારા લીધે જ આપણે કોલેજના સિનિયર વિદ્યાર્થીઓની ધોલાઈ કરેલ. તું તો હિંમતવાળો યુવાન છે. મેં તો આનંદ કરવા માટે જ કહ્યું હતું. બધા મિત્રો વાતો કરતાં ત્યાં સંધ્યા અને તેની બહેનપણીઓ આવી જતાં સંધ્યાએ કહ્યું, 'દેવા, શું બન્યું છે કાંઇ, તારું મોઢું ઉદાસ દેખાય છે.'

'ના... ના... એવું કાંઇ નથી.'

'તો સાંભળ આવતી કાલથી આપણા લેકચરો શરૂ થઇ જવાના છે.' એમ બોલતાં બધાં મિત્રો છૂટા પડ્યાં.

યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી છોકરીઓમાં કેટલીક ખુબ જ આધુનિક ડ્રેસ પહેરીને આવતી હતી. શહેરની યુવતીઓનાં ટૂંકા વસ્ત્રોના પહેરવેશ, કોલેજમાં અભ્યાસ કરતી યુવાન હૈયા પણ ફેશનેબલ ડ્રેસ પહેરીને આવતી તેમના ખુલ્લા બદન જોઈને યુવાન હૈયા મોહથી લપસી પડતા, યુવાનો આવી શહેરની સ્ત્રીઓને એકી ટસે જોઈ રહેતા હતા. ગામડાની સ્ત્રીઓ સંપૂર્ણ પહેરવેશ પહેરતી સાડી. બ્લાઉઝ અને ચણિયો પહેરતા શરીરનો થોડો પણ ભાગ જોઈ શકાતો નહિ, તેની સરખામણીમાં શહેરની સ્ત્રીઓનો તદ્દન ખુલ્લો ને ટૂંકો પહેરવેશ જોતા છોકરા છોકરીઓ શરમાઈ જતા. ગામડાની મર્યાદા અને શહેરની છૂટછાટમાં જીવન જીવાતી સ્ત્રીઓને જોતા ગ્રામ્ય યુવાનો આશ્ચર્યથી જોઈ લેતા. બગીચામાં લટાર મારતી જુવાન યુવતી સ્ત્રીઓને આધુનિક વસ્ત્રો, બગલ બાયના વસ્ત્રો, ખુલ્લા સાથળ, કેડથી ઢીંચણ સુધીના અતિ ટૂંકા વસ્ત્રો યુવાનોમાં વિકૃતિ પેદા થતાં તેમના વર્તન પરથી લાગતું હતું કે ગામડાના છોકરા છોકરીઓ અનુકરણ કરવાની ઈચ્છા પ્રબળ બનશે!'

શહેરની એ છોકરીને જોતા બંને બહેનપણીઓ મોઢે હાથ મુકી હસી પડીને બોલી ઊઠી. 'કેવો બેહૂદા કપડાં પહેર્યા છે! આવા તે ટૂંકા કપડાં પહેરાય! આખુય અંગ ઉઘાડું રહે છે. અરર... છીં... છીં... કેવા ટૂંકા કપડાં પહેર્યાં છે, આમને શરમ નહિ આવતી હોય!'

'અરે જોતો ખરી પેલી છોકરીઓનો ડ્રેસ તો જો તેની બગલો પણ દેખાય છે. ખભાથી કાંડા સુધીનો તદ્દન ખુલ્લો ભાગ જોતા બધી બહેનપણીઓ શરમાઇ ગઇ.'

'જો... શારદા જો... આપણી સામે આવે તે છોકરી એ કેવા ફીટોફીટ ચુસ્ત કપડાં પહેર્યાં છે. છાતી અને નિતંબનો ભાગ કેવો ઉપસેલો દેખાય છે. આમના મા-બાપ આવા ડ્રેસ પહેરવાની ના નહિ પાડતા હોય!'

ત્રીજી બહેનપણી બોલી ઊઠી 'એય, મધુ પેલી સ્ત્રીનું બ્લાઉઝ તો જો એનો આખોય બરડો તદ્દન ખુલ્લો દેખાય છે. માત્ર એક દોરીથી ચુસ્ત કસ ખેંચીને બાંધેલ છે.'

'અરે એની છાતી તો જો માત્ર તેના થાનેલા કપડાંથી ઢંકાયેલા છે. વળી ડુંટીની ફરતે, બરડામાં અને ખભાથી નીચેના ભાગમાં ટેટુ દોરેલું છે. આ તે કેવી કઢંગી સ્ત્રી લાગે છે.'

'અરર... અહીં શહેરમાં કોઇને કોઇની મર્યાદા નથી અહીનું જીવન તો મને નરક જેવું લાગે છે. અહીં કોલેજ કઇ રીતે પુરી થશે.'

'જમના, આપણે ભણવામાં ધ્યાન રાખવાનું આપણે એ બાબત આપણું મગજ બગાડવાનું નહીં સમજીને?'

જમના મનોમન વિચાર કરવા લાગી પછી એણે કહ્યું, 'શોભના, તારી વાત સાચી આપણે આવી છોકરીઓની સાથે જ રહેવાનું છે. એ છોકરીઓની સાથે કોઇ આવારા છોકરા નખરા કરે તો કાલ સવારે આપણી સાથે નકરા કરે ત્યારે શું થાય?'

'આ છોકરાઓ આપણા સામુ ઊંચી નજર કરીને જોઇ પણ ન શકે! એમને ખબર છે કે આ ગામડાની છોકરીઓ ઝેરીલી નાગણ જેવી હોય છે, અને એનો ડંખ પણ ઝેરીલો હોય છે, સમજી.'

'હા, તારી વાત સાચી. બી.એ. સુધી આપણી સાથે કોઇ છોકરાઓએ અડપલા કરેલ નથી.' 'તને ખબર છે, દેવાની ધાક યુનિવર્સિટીના છોકરાઓમાં પણ બેસી ગઇ હશે!'

'હા, દેવા આપણી સાથે જ ભણે છે એટલે આપણે કોઇથી ડરવાની જરૂર નથી, બાકી તો શહેર છે. એટલે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી છોકરીઓ ગમે તેવા ડ્રેસ પહેરે મોજમસ્તી કરે એ આપણે શું જોવાનું.'

'હા, જો કોઇ છોકરાઓ આપણી સાથે ચેનાચાળા કરે તો દેવો તો છે જ ને!'

'સારું હવે આપણે એમ.એ.માં કલાસ લાવવાનો છે. આ બધી શહેરની રીતરસમ સાથે આપણે કાંઇ લેવા દેવા નથી. જે છોકરીઓનું ભણવામાં ધ્યાન છે. એની સાથે કોઇ છોકરાઓ અડપલાં કરતાં નથી. આપણે માત્ર ને માત્ર ભણવામાં મન એકાગ્ર કરવાનું છે.'

(અનુસંધાન પાના નં. ૭ પર)